# K.J.GOLAVIYA

*(ADVOCATE)*

Mob. 99096 57608

U/12, Diamond World, Mini Bazar, Varachha Road, Surat-6.


---

DATE : 30-11-2018

KALPESH J. GOLAVIYA ADVOCATE G/1466/2008 SURAT

## :: ટાઈટલ રીપોર્ટ ::

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તાલુકો કામરેજના મોજે ગામ **ખોલવડના** (સર્વે નંબર ૧૨૯, જુનો બ્લોક નંબર : ૩૬૨) **રી–સરવે બાદ નવો બ્લોક નંબર: ૩૦૭૪,** વાળી બીનખેતીની જમીન, જેને **ટી.પી.સ્કીમ નં. ૪૭ (ખોલવડ–ભાદા)** લાગુ પડતા ફા.પ્લોટ નં. ૧૦૧/એ તથા ૧૦૧/બી ફાળવવામાં આવેલ છે, જે પૈકી ફાયનલ પ્લોટ નં. ૧૦૧/બી વાળી સુમારે ૯૦૪૫ ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીનમાં પાડવામાં આવેલ સબ–પ્લોટ નં. ૧ વાળી સુમારે ૧૫૨૨ ચો.મી., તથા સબ–પ્લોટ નં. ૨ વાળી સુમારે ૧૮૧૯ ચો.મી., તથા સબ–પ્લોટ નં. ૩ વાળી સુમારે ૫૭૦૪ ચો.મી., વાળી જમીન પૈકી **<u>સબ–પ્લોટ નં. ૩</u>** તરીકે ઓળખાતી **<u>૫૭૦૪ ચો.મી.</u>** ક્ષેત્રફળ વાળી બિનખેતીની જમીનનો ટાઈટલ કલીઅરન્સ રીપોર્ટ.

**મિલકતના માલીક તથા કબ્જેદારનું નામ :**
**સુખ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી**
રજી.ઓફીસ : બ્લોક નં. ૩૬૨, ટી.પી.સ્કીમ નં. ૪૭, ફા.પ્લોટ નં. ૧૦૧/બી, મોજે : ખોલવડ, તા : કામરેજ, જી. સુરત.

મારી સમક્ષ રજુ કરવામાં આવેલ હાલના પુરાવાઓના આધારે હું સદર જમીન પેટે નીચે મુજબની વિગતથી ટાઈટલ કલીઅરન્સ રીપોર્ટ આપું છું.

**મજકુર મીલકતના ટાઈટ્લસ તદ્દન ચોખ્ખા અને માર્કેટેબલ છે, તેનો ઈતિહાસ એવો છે કે,**

ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ તાલુકો કામરેજના મોજે ગામ ખોલવડના રે.સર્વે નં. ૧૨૯ વાળી જમીન મુળ માલીક ડાહયાભાઈ રણછોડજીના નામે ચાલી આવેલ હતી.

ત્યારબાદ ડાહયાભાઈ રણછોડભાઈની સદરહું જમીન તથા અન્ય જમીનોની મોઢાના કરાર આધારે વહેંચણી કરતા, સર્વે નં. ૧૨૯ વાળી જમીન તેમના છોકરા શાન્તીલાલ ડાહયાભાઈના હીસ્સે આવેલ, જે વહેંચણની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ ના હકક પત્રકમાં નોંધ નં. ૬૯૩ થી તા. ૨૦/૦૯/૧૯૬૧ ના રોજથી કરવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ (હકક પત્રક) માં પાડવામાં આવેલ એન્ટ્રી નંબર : ૭૨, ૮૪૯, ૮૭૬ કે જે ધોવાઈ ગયેલ/ઉપલબ્ધ ન હોવાથી સદરહું નોંધોમાં સગીર દિલીપકુમાર શાન્તીલાલનું નામ ચાલી આવેલ.

# K.J.GOLAVIYA
(ADVOCATE)
Mob. 99096 57608
U/12, Diamond World, Mini Bazar, Varachha Road, Surat-6.

DATE : 30-11-2018

ત્યારબાદ મોજે ગામ ખોલવડના રે.સર્વે નં. ૧૨૯ વાળી જમીનની વહેંચણી થતા સદરહુ જમીનમાંથી સરોજબેન તે શાન્તીલાલ ડાહયાભાઈની ધણીયાણીનું નામ કમી કરી દિલીપકુમાર શાન્તીલાલ સ.વા. ગંગા તે ડાહયાભાઈ રણછોડજીની ધણીયાણીનું નામ દાખલ કરવામાં આવેલ. જે વહેંચણની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ ના હકક પત્રકમાં નોંધ નં. ૧૦૮૧ થી તા. ૧૯/૧૨/૧૯૬૯ ના રોજથી કરવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ ગામે એકત્રીકરણની યોજના લાગુ પડતા સદરહુ રે.સર્વે નં. ૧૨૯ વાળી જમીનને બ્લોક નં. ૩૬૨ ફાળવવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ ના હકક પત્રકમાં નોંધ નં.૧૬૭૯ થી તા.૧૧/૦૯/૧૯૭૮ ના રોજથી કરવામાં આવેલ છે. જે નોંધ તા.૧૨/૧૦/૧૯૭૮ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીનના માલીક સગીર દિલીપકુમાર શાન્તીલાલના વાલી તરીકે ગંગાબેન તે ડાહયાભાઈ રણછોડભાઈની વિધવાનું નામ કમી કરીને, સગીરના સગા માતૃશ્રી તરીકે સરોજબેન મગનભાઈનું નામ દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ ના હકક પત્રકમાં નોંધ નં. ૧૮૨૨ થી તા. ૦૫/૦૩/૧૯૮૦ ના રોજથી કરવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણીત થયેલ છે. જે નોંધ તા.૨૧/૦૪/૧૯૮૦ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન દિલીપકુમાર શાંતિલાલના નામે ચાલી આવેલ, સદરહું જમીન વડીલો પાર્જીત મીલકત હોય, જેથી દિલીપકુમાર શાંતિલાલએ તેમના સગા ભાઈ અનિલકુમાર શાંતિલાલનું નામ સામાયીકપણામાં દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ ના હકક પત્રકમાં નોંધ નં. ૨૧૪૨ થી તા. ૦૮/૦૨/૧૯૮૩ ના રોજથી કરવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણીત થયેલ છે.

મજકુર મોજે ખોલવડ આખા ગામનું રી–સરવે સંબધી તૈયાર કરવામાં આવેલ રેકર્ડનું પ્રાંત અધિકારી પ્રાંત કચેરી, કામરેજ પ્રાંત, શ્રી યોગરાજસિંહ બી. ઝાલા (પ્રાંત અધિકારીશ્રી) દ્વારા નં.એ.ડી.એમ. / રેકર્ડ / પ્રમોલગેશન / ૨૦૧૬, તા.૦૨/૦૪/૨૦૧૬ થી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ અને ૩૦ દિવસમાં લેખીત વાંધા અરજીઓ રજુ કરવા જણાવવામાં આવેલ. જાહેર નોટીસના સમયગાળા દરમ્યાન રજુ થયેલ વાંધા અરજીઓ અન્વયે કરવાપાત્ર સુધારાઓ સાંકળી નવું રેકર્ડ તૈયાર કરી મોકલવામાં આવેલ. રી–સરવે સંબધી તૈયાર થયેલ નવા રેકર્ડની સો ટકા ખરાઈ મામલતદારશ્રી કામરેજ દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ પ્રાંત અધિકારી પ્રાંત કચેરી, કામરેજ પ્રાંત, શ્રી યોગરાજસિંહ બી. ઝાલા (પ્રાંત અધિકારીશ્રી) દ્વારા ચકાચણી કરી હુકમ નં. જમીન રી–સરવે / પ્રમોલગેશન / ખોલવડ / ૧૬ તા. ૧૩/૧૨/૨૦૧૬ ના હુકમથી નવું તૈયાર કરેલ રી–સરવે સંબધી રેકર્ડનું પ્રમોલગેશન કરી આખરી કરવામાં આવેલ છે. જે મુજબ મોજે ખોલવડનાં બ્લોક નં. ૩૬૨ વાળી જમીનને રી–સરવે બાદ નવો બ્લોક નં. ૩૦૭૪ આપવામાં આવેલ છે. જે પ્રમોલગેશન

# K.J.GOLAVIYA

(ADVOCATE)

Mob. 99096 57608

U/12, Diamond World, Mini Bazar, Varachha Road, Surat-6.


DATE : 30-11-2018

અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ દફતરે ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં એન્ટ્રી ૧૦૧૪૮ થી તા.૧૧/૦૧/૨૦૧૭ ના રોજ થયેલ છે. અને જે નોંધ પ્રમાણીત થયેલ છે.

મદદનીશ નગર નિયોજકશ્રી, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ, સુરતએ આપેલ ઝોનીંગ સર્ટીફીકેટ ધ્યાને લેતાં મજકુર મોજે ગામ ખોલવડના બ્લોક નં. ૩૬૨ વાળી જમીન રેસીડેન્સીયલ ઝોનમાં આવે છે.

સદરહું જમીનને ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નંબર ૪૭ (ખોલવડ–ભાદા) લાગુ પડતા તેને ફા.પ્લોટ નં. ૧૦૧/એ જેનું ક્ષેત્રફળ ૧૦૦૦૬.૦૦ ચો.મી. ફાળવવામાં આવેલ છે તથા ફા.પ્લોટ નં. ૧૦૧/બી જેનું ક્ષેત્રફળ ૯૦૪૫.૦૦ ચો.મી. ફાળવવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું મોજે ગામ ખોલવડના (સર્વે નંબર ૧૨૯, જુનો બ્લોક નંબર : ૩૬૨) રી–સરવે બાદ નવો બ્લોક નંબરઃ ૩૦૭૪, વાળી બીનખેતીની જમીન જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે. ૩–૧૭–૫૧ આરે.ચો.મી. છે, જેને ટી.પી.સ્કીમ નં. ૪૭ (ખોલવડ–ભાદા) લાગુ પડતા ફા.પ્લોટ નં. ૧૦૧/એ જેનું ક્ષેત્રફળ ૧૦૦૦૬ ચો.મી. તથા ફા.પ્લોટ નં. ૧૦૧/બી જેનું ક્ષેત્રફળ ૯૦૪૫ ચો.મી. મળી કુલ્લે ૧૯૦૫૧ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીનમાં બીનખેતી ઉપયોગની પરવાનગી મહે. કલેકટર સાહેબશ્રી સુરતનાએ તેમના હુકમ નં. એ / બખપ / એસ.આર.નં. ૭૬૭ / ૧૬ / ID. NO. 31259/ વશી. ૧૨૭૯૦ થી ૧૨૮૦૪/૧૬, તારીખઃ ૨૨/૧૨/૨૦૧૬ થી આપેલ છે. જે હુકમ અંગેની નોંધ ગામ દફતરે હકકપત્રક નમુના નં. ૬ માં નોંધ નં. ૧૦૨૦૨ થી તા. ૦૨/૦૨/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તા. ૨૮/૦૩/૨૦૧૭ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહું મોજે ગામ ખોલવડના (સર્વે નંબર ૧૨૯, જુનો બ્લોક નંબર : ૩૬૨) રી–સરવે બાદ નવો બ્લોક નંબરઃ ૩૦૭૪, વાળી બીનખેતીની જમીન જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે. ૩–૧૭–૫૧ આરે.ચો.મી. છે, જેને ટી.પી.સ્કીમ નં. ૪૭ (ખોલવડ–ભાદા) લાગુ પડતા ફા.પ્લોટ નં. ૧૦૧/એ જેનું ક્ષેત્રફળ ૧૦૦૦૬ ચો.મી. તથા ફા.પ્લોટ નં. ૧૦૧/બી જેનું ક્ષેત્રફળ ૯૦૪૫ ચો.મી. ફાળવવામાં આવેલ છે, જે પૈકી ફાયનલ પ્લોટ નં. ૧૦૧/બી તરીકે ઓળખાતી ૯૦૪૫ ચો.મી. ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન (૧) અનીલકુમાર શાંતિલાલ (૨) દિલીપકુમાર શાંતિલાલ પાસેથી સુખ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીએ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. જે રજી.વેચાણ દસ્તાવેજ મહે.સબ–રજીસ્ટ્રાર સાહેબ કામરેજની કચેરીમાં **અનુક્રમ નં. ૯૯૮ થી તા. ૧૦/૦૧/૨૦૧૮** ના રોજ નોંધાયેલ છે. જે વેચાણની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ ના હકક પત્રકમાં નોંધ નં. ૧૦૮૭૯ થી તા.૧૭/૦૧/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તા.૦૮/૦૩/૨૦૧૮ ના રોજ પ્રમાણીત થયેલ છે. આમ, એ રીતે મજકુર ફા.પ્લોટ નં. ૧૦૧/બી વાળી સુમારે ૯૦૪૫ ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીનના માલીક, મુખત્યાર, કબજેદાર સુખ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી થયેલ અને ચાલી આવેલ.

# K.J.GOLAVIYA

(ADVOCATE)

Mob. 99096 57608

U/12, Diamond World, Mini Bazar, Varachha Road, Surat-6.

DATE : 30-11-2018

ત્યારબાદ મજકુર ફા.પ્લોટ નં. ૧૦૧/બી, ક્ષેત્રફળ ૯૦૪૫ ચો.મી. વાળી બીનખેતીની જમીનમાં મહે. કલેકટર સાહેબશ્રી સુરતનાએ તેમના **હુકમ નં. (જે) બખ / તપસ / ક–૬૭ / રજી. નં. ૧૮૫ / ૨૦૧૭–૧૮, તારીખ : ૧૭/૦૭/૨૦૧૮** ના રોજ મલ્ટીપર્પઝ હેતુ માટે રીવાઈઝ બીનખેતીની પરવાનગી આપેલ છે. જે હુકમ અંગેની નોંધ ગામ દફતરે હકકપત્રક નમુના નં. ૬ માં નોંધ નં. ૧૧૧૦૪ થી તા.૦૯/૦૮/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તા. ૧૭/૧૦/૨૦૧૮ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મજકુર જમીનમાં ભાગલા કરવાનો સબ ડિવીઝનનો પ્લાન સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત તરફથી **હુકમ નં. સુડા / વિ.પ.અ. / યુ–૪ / KHO / 0419 / 16-17 / 8573, તા.૧૬/૧૦/૨૦૧૮** ના રોજ મંજુર થયેલ છે. જે મુજબ સબ–પ્લોટ નં. ૧ જેનું ક્ષેત્રફળ ૧૫૨૨ ચો.મી., તથા સબ–પ્લોટ નં. ૨ જેનું ક્ષેત્રફળ ૧૮૧૯ ચો.મી., તથા સબ–પ્લોટ નં. ૩ જેનું ક્ષેત્રફળ ૫૭૦૪ ચો.મી. ફાળવવામાં આવેલ છે.

ત્યારબાદ મજકુર સબ–પ્લોટ નં. ૩ જેનું ક્ષેત્રફળ ૫૭૦૪ ચો.મી. વાળી જમીનમાં સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત તરફથી **હુકમ નં. સુડા / વિ.પ.અ. / યુ–૪ / KHO / 0420 / 17-18 / 8576, તા.૧૬/૧૦/૨૦૧૮** ના રોજ રહેણાંક હેતુ માટે બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.

એણી વિગતે, સુખ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તાલુકો કામરેજના મોજે ગામ **ખોલવડના** (સર્વે નંબર ૧૨૯, જુનો બ્લોક નંબર : ૩૬૨) **રી–સરવે બાદ નવો બ્લોક નંબરઃ ૩૦૭૪**, વાળી બીનખેતીની જમીન, જેને **ટી.પી.સ્કીમ નં. ૪૭ (ખોલવડ–ભાદા)** લાગુ પડતા ફા.પ્લોટ નં. ૧૦૧/એ તથા ૧૦૧/બી ફાળવવામાં આવેલ છે, જે પૈકી ફાયનલ પ્લોટ નં. ૧૦૧/બી વાળી સુમારે ૯૦૪૫ ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીનમાં પાડવામાં આવેલ સબ–પ્લોટ નં. ૧ વાળી સુમારે ૧૫૨૨ ચો.મી., તથા સબ–પ્લોટ નં. ૨ વાળી સુમારે ૧૮૧૯ ચો.મી., તથા સબ–પ્લોટ નં. ૩ વાળી સુમારે ૫૭૦૪ ચો.મી., વાળી જમીન પૈકી **સબ–પ્લોટ નં. ૩** તરીકે ઓળખાતી **૫૭૦૪ ચો.મી.** ક્ષેત્રફળ વાળી બિનખેતીની સંપૂર્ણ પુરેપુરી જમીનના સંપૂર્ણ માલીક, કબજેદાર, વહીવટદાર બનેલા છીએ, અને તેની ઉપર અમો બીજા પક્ષનાએ " **વર્ણી રેસીડેન્સી** " નામથી રહેણાંક ઈમારતનું બાંધકામ કરેલ છે. એણી વિગતે, અમો બીજા પક્ષના " **સુખ એન્ટરપ્રાઈઝ** " ભાગીદારી પેઢીથી મજકુર મીલકતના ટાઈટલ્સ સંપુર્ણ બને છે.

સદર બીનખેતીની જમીનના આજની તારીખ સુધીના તમામ માલીકી હકકના ટાઈટલો સંપુર્ણ ચોખ્ખા અને માર્કેટેબલ છે અને પ્રથમ દર્શીય રીતે શંકાસ્પદ માલીકી (ડીફેકટીવ ટાઈટલ) હોવાના કોઈપણ પુરાવા નથી.

K.J.GOLAVIYA
(ADVOCATE)
Mob. 99096 57608
U/12, Diamond World, Mini Bazar, Varachha Road, Surat-6.

DATE : 30-11-2018

સદર ટાઈટલ રીપોર્ટની સાથે મારી સમક્ષ રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ જમીન માલીકને પરત કરેલ છે. જેની યાદી નીચે મુજબ છે.

(૧) મોજે ખોલવડના (સર્વે નંબર ૧૨૯, જુનો બ્લોક નંબર : ૩૬૨) રી–સરવે બાદ નવો બ્લોક નંબર: ૩૦૭૪ વાળી જમીનની ૭/૧૨, ૮/અ તથા ગામ નમુના નં. ૬ હકકપત્રકના ઉતારાની તમામ નકલો.

(૨) મોજે ખોલવડના (સર્વે નંબર ૧૨૯, જુનો બ્લોક નંબર : ૩૬૨) રી–સરવે બાદ નવો બ્લોક નંબર: ૩૦૭૪, ટી.પી.સ્કીમ નં. ૪૭ (ખોલવડ–ભાદા) ના ફા.પ્લોટ નં. ૧૦૧/બી વાળી સુમારે ૯૦૪૫ ચો.મી. વાળી જમીનનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સબ રજીસ્ટ્રારશ્રી સુરત (કામરેજ) ની કચેરીમાં અનુક્રમ નંબર : ૯૯૮ થી તા. ૧૦/૦૧/૨૦૧૮ ના રોજ નોંધાયેલ તેની નકલ.

(૩) મહે. કલેકટર સાહેબશ્રી સુરતનાએ તેમના હુકમ નં. (જે) બખ / તપસ / ક–૬૭ / રજી. નં. ૧૮૫ / ૨૦૧૭–૧૮, તારીખ : ૧૭/૦૭/૨૦૧૮ ના રોજ મલ્ટીપર્પઝ હેતુ માટે રીવાઈઝ બીનખેતીની પરવાનગી આપેલ તેની નકલ.

(૪) સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત તરફથી રજાચિઠ્ઠી નં. સુડા / વિ.પ.અ. / યુ–૪ / KHO / 0419 / 16-17 / 8573, તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ સબ ડિવીઝનની પરવાનગી આપવામાં આવેલ રજાચીઠ્ઠી તથા પ્લાનની નકલ.

(૫) સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત તરફથી રજાચિઠ્ઠી નં. સુડા / વિ.પ.અ. / યુ–૪ / KHO / 0420 / 17-18 / 8576, તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ સબ–પ્લોટ નં. ૩ તરીકે ઓળખાતી ૫૭૦૪ ચો.મી. વાળી જમીન ઉપર બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવેલ રજાચીઠ્ઠી તથા તમામ પ્લાનની નકલ.

(૬) ઝોનીગ સર્ટીફીકેટ તથા ઝોનીંગ પ્લાનની નકલ.

(૭) ટી.પી.સ્કીમ નં. ૪૭ (ખોલવડ–ભાદા) અંતગર્ત ફાળવવામાં આવેલ ફા.પ્લોટ અંગેના ફોર્મ–એફ ની નકલ.

(૮) ભાગીદારી ડીડ તથા ભાગીદારી પેઢીના પાનકાર્ડની નકલ.

(૯) ભાગીદારી પેઢીના રજીસ્ટ્રેશન ફોર્મ–જી ની નકલ.

(૧૦) સબ–રજીસ્ટ્રારશ્રી કામરેજની કચેરીમાંથી મેળવેલ વર્ષ ૧૯૮૫ થી ૨૦૧૮ સુધીની શોધ ફી ભરેલ રસીદ, પહોચ નં. ૨૦૧૮૧૧૫૦૬૨૧૦૭, તથા બોજા અંગેનું પત્રક તા. ૩૦/૧૧/૨૦૧૮.

AVIYA 466 2008 SURAT ADVOCATE

K.J.GOLAVIYA
(ADVOCATE)
Mob. 99096 57608
U/12, Diamond World, Mini Bazar, Varachha Road, Surat-6.

DATE : 30-11-2018

## :: મીલકત અંગેની વિગત ::

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તાલુકો કામરેજના મોજે ગામ **ખોલવડના** (સર્વે નંબર ૧૨૯, જુનો બ્લોક નંબર : ૩૬૨) **રી–સરવે બાદ નવો બ્લોક નંબરઃ ૩૦૭૪,** વાળી બીનખેતીની જમીન, જેને **ટી.પી.સ્કીમ નં. ૪૭ (ખોલવડ–ભાદા)** લાગુ પડતા ફા.પ્લોટ નં. ૧૦૧/એ તથા ૧૦૧/બી ફાળવવામાં આવેલ છે, જે પૈકી ફાયનલ પ્લોટ નં. ૧૦૧/બી વાળી સુમારે ૯૦૪૫ ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીનમાં પાડવામાં આવેલ સબ–પ્લોટ નં. ૧ વાળી સુમારે ૧૫૨૨ ચો.મી., તથા સબ–પ્લોટ નં. ૨ વાળી સુમારે ૧૮૧૯ ચો.મી., તથા સબ–પ્લોટ નં. ૩ વાળી સુમારે ૫૭૦૪ ચો.મી., વાળી જમીન પૈકી **સબ–પ્લોટ નં. ૩** તરીકે ઓળખાતી **૫૭૦૪ ચો.મી.** ક્ષેત્રફળ વાળી બિનખેતીની જમીનનો ટાઈટલ કલીઅરન્સ રીપોર્ટ.

આભાર સહ

KALPESH J. GOLAVIYA ADVOCATE G/1466 2008 SURAT

કે.જે.ગોળવિયા (એડવોકેટ)